ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૪-૦૯-૨૦૨૨

- **સબ સલામતીના બણગા ફુંકતી ભાજપ સરકાર શ્રમિકોના વારંવાર થતાં આકસ્મિક મૃત્યુમાં છતાં કેમ દરકાર લેતી નથી**
- **અમદાવાદની નિર્માણાધીન ઈમારતમાં થયેલ અકસ્માતમાં મૃત્યુ પામેલા શ્રમિકોના પરિવારજનોને સત્વરે યોગ્ય વળતર ચુકવવા આવે.**
- **બેજવાબદાર રીતે વર્તતા અધિકારીઓની જવાબદારી નક્કી કરી કડક પગલા લેવામાં આવે**

ગુજરાતમાં બની રહેલા વારંવાર અકસ્માતમાં નિર્દોષ શ્રમિકોના ભોગ લેવાઈ રહ્યો છે, રાજ્યમાં ભાજપ સરકાર સેફ્ટી અને શ્રમિક કાયદાઓનો સદંતર અવગણનાઓને લીધે શ્રમિકો મોતને ભેટી રહ્યાં હોવાનો આરોપ મુકતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વારંવાર બનતા જીવલેણ અકસ્માત છતાં રાજ્ય સરકાર ગંભિરતા દાખવતી નથી. સબ સલામતીના બણગા ફુંકતી ભાજપ સરકાર શ્રમિકોના વારંવાર થતાં આકસ્મિક મૃત્યુમાં છતાં કેમ દરકાર લેતી નથી ? સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદમાં બનેલી ગંભીર અકસ્માતની ઘટનાઓ છતાં તંત્ર ઉંઘતુ રહ્યું છે. અમદાવાદમાં નિર્માણાધીન ઈમારતમાં કામ કરતા શ્રમિકોના મોત એ ઘણી દુઃખદ ઘટના છે. ઘટનાની જાણ થતાં જ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, અસંગઠિત કામદાર ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી અશોક પંજાબી, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી નીરવ બક્ષી, હેલ્થ એન્ડ હોસ્પીટલ કમીટીના ચેરમેનશ્રી ભીખુભાઈ દવે સહિતનું કોંગ્રેસ પક્ષનું પ્રતિનિધિ મંડળ સિવિલ હોસ્પિટલ પહોંચીને ઘાયલ શ્રમિકોને યોગ્ય સારવાર મળે અને મૃતક પરિવારના સ્વજનો સાથે કપરા સમયમાં કોંગ્રેસ પક્ષ તેમની સાથે છે તેવી સાંત્વના પાઠવી હતી. બાંધકામમાં કામ કરતા તમામ કામદારોની નોંધણી કરવાનું ફરજીયાત હોવા છતાં તંત્રની બેદરકારીને કારણે શ્રમિકો - કામદારોની નોંધણી કરવામાં આવતી નથી. બિલ્ડીંગ એન્ડ અધર કન્ટ્રક્શન ઈસ્પેક્ટરની જવાબદારી છે કે ફિલ્ડમાં ફરીને બાંધકામ શ્રમિકોની નોંધણી, સલામતીના તમામ ધારાધોરણોની ચકાસણી કરી પુરતી સલામતી છે કે નહી તે જાણવુ પરંતુ અમદાવાદમાં બનેલ અકસ્માતમાં શું ખરેખર ફિલ્ડ વીઝીટ કરવામાં આવી હતી કે નહીં ? તેનો જવાબ ભાજપ સરકાર આપે. બાંધકામમાં કામ કરતા આઠ મૃતક શ્રમિકો નોંધાયેલા હતા કે કેમ ? સુરતના બ્રીજ, રાજકોટના બ્રીજ, અમદાવાદની દિવાલ ધરાસાઈ થયાની ઘટનામાં શ્રમિકો - નાગરિકોના થયેલ મોત છતાં પણ કેમ કોઈ નક્કર કામગીરી કરતી નથી? બાંધકામ સ્થળ ઉપર કામ કરતા કામદારોની નોંધણી કરાવવાની જવાબદારી નક્કી કરવામાં આવે, મૃત્યુ પામેલા શ્રમિકોના પરિવારજનોને સત્વરે યોગ્ય વળતર ચુકવવામાં આવે અને બેજવાબદાર રીતે વર્તતા અધિકારીઓની જવાબદારી નક્કી કરી કડક પગલા લેવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

---

- **રાજ્યની ભાજપ સરકારનું વલણ કર્મચારી વિરોધી અને અમાનવીય બન્યું.**
- **ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બનતા જ ફિક્સ પગાર અને આઉટ સોર્સીંગ કોન્ટ્રાક્ટ પ્રથામાં થતું યુવાનોનું સુનિયોજીત આર્થિક શોષણને અટકાવવામાં આવશે.**
- **કોંગ્રેસ સરકાર બનતા જ રાજ્યના તમામ વિભાગોના સરકારી કર્મચારીઓની માંગ એવી જુની પેન્શન યોજનાને લાગુ કરવાનો ઐતિહાસીક નિર્ણય કરવામાં આવશે.**

રાજ્યમાં સરકારના વિવિધ વિભાગના કર્મચારીઓ પોતાના મળવાપાત્ર હક્ક - અધિકાર માટે આંદોલનો કરી રહ્યાં છે ત્યારે સરકારી કર્મચારીઓ ઉપર પોલીસ તંત્ર, વહિવટી તંત્રનો દુરુપયોગ કરી કર્મચારીઓ સાથે ભાજપ સરકાર અમાનવીય વર્તન કરી રહી છે તેવો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કોરોના સમયે આરોગ્ય કર્મચારીઓ, પેરા મેડીકલ સ્ટાફ સહિતના કર્મચારીઓને 'કોરોના વોરીયર્સ'ના સર્ટીફીકેટો વેચતી ભાજપ સરકાર આંદોલન કરતા કર્મચારીઓ ઉપર દંડા અને નોટીસ કેમ ફટકારી રહી છે ? ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી ૨૦ થી વધુ વિવિધ વિભાગના કર્મચારીઓ પોતાના હક્ક - અધિકાર માટે આંદોલનો કરી રહ્યાં છે. ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બનતા જ ફિક્સ પગાર અને આઉટ સોર્સીંગ કોન્ટ્રાક્ટ પ્રથામાં થતું યુવાનોનું સુનિયોજીત આર્થિક શોષણને અટકાવવામાં આવશે સાથોસાથ ગુજરાત રાજ્યના તમામ વિભાગોના સરકારી કર્મચારીઓની માંગ એવી જુની પેન્શન યોજનાને કોંગ્રેસ સરકાર બનતા જ લાગુ કરવાનો ઐતિહાસીક નિર્ણય કરવામાં આવશે, રાજ્યના શિક્ષણ વ્યવસ્થા માટે કામ કરતા શિક્ષકો, આરોગ્ય કર્મીઓ, સુરક્ષા માટે વ્યવસ્થા સંભાળનાર પોલીસ કર્મચારીઓ, દેશની સરહદે સુરક્ષા સંભાળી ચુકેલ પૂર્વ સૈનિકો, ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ સેવાઓ પુરી પાડતા વી.સી.ઈ. કર્મચારીઓ, વનરક્ષકો, વનવિભાગના કર્મચારીઓ, સહિતના તમામ સરકારી કર્મચારીઓ છેલ્લા કેટલાય સમયથી પોતાની વ્યાજબી પડતર માંગો સાથે ગાંધી ચિંધ્યા માર્ગે સરકાર સુધી આંદોલન મારફતે રજુઆત કરી રહ્યાં છે તેમ છતાં રાજ્યની ભાજપ સરકાર તેમની સાથે સકારાત્મક રીતે સંવાદ કરવાને બદલે પોલીસ તંત્રનો બળપૂર્વક ઉપયોગ કરી તેમના ઉપર લાઠી ચાર્જ કરે અને દંડા વરસાવે તે કેટલે અંશે વ્યાજબી ? તાજેતરમાં માભોમની રક્ષા કરનાર નિવૃત્ત સૈનિકો ગાંધી ચિંધ્યા માર્ગે રજુઆત કરવા માંગતા હતા તેમ છતાં બહેરી ભાજપ સરકારે તેમને સાંભળવાને બદલે લાઠીચાર્જ કર્યો જેના કારણે એક નિવૃત્ત સૈનિકે જીવ ગુમાવવાનો વારો આવ્યો. આ દર્શાવે છે કે, રાજ્યની ભાજપ સરકારનું વલણ કર્મચારી વિરોધી અને અમાનવીય બન્યું છે ત્યારે રાજ્યના મધ્યાહન ભોજન, હોમગાર્ડ જવાનો, આંગણવાડી આશાવર્કરો, પ્રાધ્યાપકો, શિક્ષકો, આરોગ્ય કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓ સહિતના લાખો સરકારી કર્મચારીઓની વ્યાજબી પડતર માંગોને સાંભળી સત્વરે નિરાકરણ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા